કેસ દાખલ થયા તારીખ	:	૨૦/૦૪/૨૦૨૨		
કેસ રજી. થયા તારીખ	:	૨૦/૦૪/૨૦૨૨		
કેસ ફેંસલ થયા તારીખ	:	૨૭/૦૫/૨૦૨૬		
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
		૦૪	૦૧	૦૭

બાયડના મહે.એડી.ચીફ જયુડીશ્યલ મેજી.સાહેબશ્રીની અદાલતમાં,

મુ.બાયડ,જી.અરવલ્લી

ફોજદારી કેસ નં.૫૮૯/૨૦૨૨

આંક :

ફરીયાદી :- ધી ડેમાઇ નાગરીક સહકારી શરાફી મંડળી લી.
મુ.પો.ડેમાઇ,તા.બાયડ,જી.અરવલ્લી વતીથી મેનેજર
શ્રી સોની મિતુલકુમાર પરષોત્તમદાસ,
રહે.ડેમાઇ,તા.બાયડ,જી.અરવલ્લી.

વિરુદ્ધ

આરોપી :- પટેલ ચીમનભાઇ કાળાભાઇ
રહે. માઢવાળી ફળી,મુ.પો.ડેમાઇ,તા.બાયડ,જી.અરવલ્લી.

ગુન્હો :- <u>ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અને ૧૪૨ મુજબ</u>

ફરીયાદી તરફે વિ. વ.............શ્રી જી.એમ.પટેલ
આરોપી તરફે વિ.વ...............શ્રી એસ.ડી.ઝાલા

<u>:: ઠરાવ ::</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે,આ કામના ફરીયાદી મંડળી તે સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયે સ્થપાયેલ રજીસ્ટર સહકારી શરાફી મંડળી છે.ફરીયાદી મંડળી સભાસદો પાસેથી બચત,થાપણો,બાંધી મુદત થાપણો તેમજ રીકરીંગ થાપણો,લોકર્સ ભાડુ તથા અન્ય બેંકોમાંથી કેસ ક્રેડીટ મેળવીને સહકારી મંડળીના પેટા નિયમ મુજબ મંડળીના સભાસદોને મિલ્કત મોર્ગેજ,કે ક્રેડીટ,વ્હીકલ ધિરાણ,જાત જામીનગીરી,ઓ.ડી.ધિરાણ વિગેરે જુદા જુદા હેતુઓ માટે ધિરાણ આપી વસુલાતની કામગીરી કરે છે.આ કામના આરોપી ફરીયાદી મંડળીના કાયદેસરના સભાસદ છે.આ કામના આરોપીને ધંધાઅર્થે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત તા આરોપીએ અમો ફરીયાદી મંડળીનો સંપર્ક કરી મોર્ગેજ લોન માટેની વાતચીત કરેલ અને લોન મેળવવા માટે આરોપીએ ફરીયાદી મંડળીને નિયત નમુના મુજબ અરજી આપેલ અને આરોપીએ મોર્ગેજ લોન તા.૧૩.૦૪.૨૦૨૧ નારોજ મંડળીના નિયમ મુજબ બે જામનો આપી આરોપીની મિલ્કત મોર્ગેજ કરી અને મિલ્કત ઉપર ફરીયાદી મંડળીનો બોજો નોંધાવી કુલ રૂ.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા દસ લાખ પુરા) મોર્ગેજ લોન મેળવેલ.સદર લોનના માસીક હપ્તાની રકમ આરોપીએ મંડળીના નિયમ મુજબ નિયમિત પણે મંડળીમાં ભરપાઇ કરવાની હતી,પરંતુ આ કામના આરોપી લોનના હપ્તાની રકમ ફરીયાદી મંડળીમાં નિયમિત ભરપાઇ કરેલ નથી અને નિયમીત લોનના હપ્તાની રકમ ભરવામાં આ કામના આરોપી નિષ્ફળ રહેલ છે.જેના કારણે આ કામના આરોપી ફરીયાદી મંડળીમાં મુદતવીતી બાકી પડેલ છે.આ કામના આરોપીએ ફરીયાદી મંડળીને કરી આપેલ દસ્તાવેજ/કરાર/કરજખત/મિલ્કત મોર્ગેજ/તારણ પ્રમાણે જો નિયમત હપ્તા ભરપાઇ કરવામાં ન આવે તો અમો ફરીયાદી મંડળી એકી સાથે તમામ બાકીી પડતી લોનની રકમ વ્યાજ તથા દંડનીય ચડત વ્યાજ સાથે વસુલ કરવા હકકદાર છીએ.આ

કામના આરોપીએ ફરીયાદી મંડળી પાસેથી લીધેલ લોનની રકમ સમયસર ભરપાઇ કરેલ નથી અને તેથી આરોપીની લોનની બાકી રકમ વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ આરોપીએ અમો ફરીયાદી મંડળીને ચુકવવાની થાય છે.

આ કામના આરોપી પાસેથી લેવાની રકમ બાબતે આરોપીને ફરીયાદી મંડળીએ ન છુટકે આખરી નોટીસ તા.૧૫/૧૨/૨૦૨૧ નારોજ આપી ફરીયાદી મંડળીમાં દિન દસમાં નાણાં ભરપાઇ કરવા માટે જણાવેલ.ત્યારબાદ આ કામના આરોપીએ ફરીયાદી મંડળીને લોનની તમામ રકમ ચડેલ વ્યાજની રકમ ચુકવી આપવા આ કામના આરોપીએ તેમના ખાતાવાળી બેંકનો ચેક તા.૧૨/૦૧/૨૦૨૨ નારોજનો ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ડેમાઇ શાખાનો ચેક નં.૦૩૦૦૦૮ રૂ.૧૦,૭૦,૨૦૦/- (અંકે રૂપીયા દસ લાખ સીત્તેર હજાર બસ્સો પુરા)નો ચેક સહી કરીને આરોપીએ ફરીયાદીને મંડળીને આપેલ અને સદર ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેકમાં જણાવેલ તારીખે સદર બેંક કલીયરન્સ માટે રજુ કરેથી ચેકમાં જણાવ્યા પ્રમાણેની પુરેપુરી રકમ ફરીયાદી મંડળીને મળી જશે જેથી આરોપીની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી ફરીયાદી મંડળીએ સ્વીકારેલ.જે પૈકી એક ચેક જેની વિગત નીચે મુજબ છે.

<u>ચેકની વિગત</u>

ચેક નંબર	બેંકનુ નામ	રકમ રૂા.	તારીખ
૦૩૦૦૦૮	સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ડેમાઇ શાખા	૧૦,૭૦,૨૦૦/-	૧૨/૦૧/૨૦૨૨

સદર ચેક ફરીયાદી મંડળીએ સદર ચેક કલીયરન્સ માટે ફરીયાદી મંડળીના ખાતાવાળી બેંક ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લી.ડેમાઇ શાખામાં

તા.૦૪/૦૩/૨૦૨૨ નારોજ રજુ કરતા આ કામના આરોપીના ખાતામાં પુરતા નાણાં ન હોવાના કારણે સદર ચેક **ફંડસ ઈન્સફીશીયન્ટના** શેરાના મેમા સહીત તા.૦૪/૦૩/૨૦૨૨ પરત મળેલ જે અંગેની જાણ સાબરકાંઠા ડી.સે.કો.ઓ.બેંક.લી.ડેમાઈ શાખાએ ફરીયાદી મંડળીને તા.૦૪/૦૩/૨૦૨૨ નારોજના પત્રથી કરવામાં આવેલ છે.આમ ફરીયાદી મંડળીને ચેકમ જણાવેલ મુજબની રકમ મળેલ નહી અને ચેક સ્વીકારાયેલ નથી અને ડીઝઓર્નર થયેલ છે.ત્યારબાદ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે ચેક રીટર્ન થયાની કાયદાકીય નોટીસ રજી.પો.એડી.થી તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ મોકલેલી.જે નોટીસ આરોપીને મળી ગયેલ છતા નોટીસનો કોઈ જવાબ કે નિયત સમયમર્યાદામાં ચેકની રકમ વસુલ આપેલ નથી. જેથી ફરીયાદીએ અત્રેની કોર્ટની હકુમતમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮, ૧૪૨ મુજબનો ગુન્હો કરેલ જેથી સદર ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ મુદતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ તથા સાથેના દસ્તાવેજોની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૨ ના ગુન્હા સંબધે આરોપીની પ્લી **આંક–૦૮** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, ત્યાર બાદ સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

મૌખીક પુરાવો :

ક્રમ	સાહેદની વિગત	આંક
૦૧	ફરીયાદી – મિતુલકુમાર પરસોતમદાસ સોનીની જુબાની	૦૪

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૦૧	ધી ડેમાઈ નાગરીક સહકારી શરાફી મંડળી લી.એ. આપેલ આખરી નોટીસ	૦૯
૦૨	ફરીયાદી મંડળીએ આપેલ નોટીસની આર.પી.એડી સ્લીપ	૧૦
૦૩	આરોપીને નોટીસ બજી ગયેલ તેની એકનોલેજમેન્ટ સ્લીપ	૧૧
૦૪	ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ બેંક કો.ઓ.બેંકનો લી.ડેમાઈ શાખાનો ચેક નં.૦૩૦૦૦૮ અસલ ચેક	૧૨

૦૫	સદર ચેક બેંકમાં ભરેલ તેની પહોંચ	૧૩
૦૬	સદર બેંકે આપેલ મેમો	૧૪
૦૭	ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ બેંક કો.ઓ.બેંક લલી.ડેમાઈ શાખાએ આપેલ પત્ર	૧૫
૦૮	આરોપીને આપેલ નોટીસની ઓ.સી.નકલ	૧૬
૦૯	આરોપીને નોટીસ રજી.પોષ્ટ એડી કરેલ તે પોષ્ટની પહોંચ	૧૭
૧૦	આરોપીને નોટીસ બજી ગયેલ તેની એકનોલેજમેન્ટ	૧૮
૧૧	આરોપીએ ફરીયાદી મંડળીને લોન માટે આપેલ અરજીની ખરી નકલ	૧૯
૧૨	પ્રોમેસરી નોટની ખરી નકલ	૨૦
૧૩	કરજ પહોંચની ખરી નકલ	૨૧
૧૪	મધ્યમ મુદત લોન (ધિરાણ) કરારની ખરી નકલ	૨૨
૧૫	મિલ્કત ધિરાણ (મોર્ગેજ) અંગે વધારાના કરારની ખરી નકલ	૨૩
૧૬	દેવાની કબુલાત પત્રની ખરી નકલ	૨૪
૧૭	જામીનખતની ખરી નકલ	૨૫
૧૮	ખાતવાહીની ખરી નકલ	૨૬
૧૯	મિલકત સબ રજીસ્ટ્રારશ્રીએ કચેરીએ મોર્ગેજ કરેલ તે દસ્તાવેજની ખરી નકલ	૨૭
૨૦	આકારણી પત્રકમાં બોજો નોંધાયેલ તે આકારણી પત્રક	૨૮
૨૧	ફરીયાદી મંડળીએ મેનેજરને ફરીયાદ દાખલ કરવા વિગેરે માટે અધિકાર પત્ર આપેલ તે ઠરાવની નકલ	૨૯
૨૨	ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ બેંક કો.ઓ.બેંકના સ્ટેટમેન્ટ	૫૨
૨૩	સદર મંડળીના પેટા કાયદાની સર્ટીફાઈડ નકલ જેના કુલ પાના ૧ થી ૩૩	૫૩
૨૪	વર્ષ – ૨૦૧૧માં આરોપીને આપેલ ધીરાણના ખાતાના ઉતારાની સર્ટીફાઈડ નકલ	૫૪
૨૫	વર્ષ – ૨૦૧૪માં આરોપીને આપેલ ધીરાણના ખાતાના ઉતારાની સર્ટીફાઈડ નકલ	૫૫
૨૬	વર્ષ – ૨૦૨૧માં આરોપીને આપેલ ધીરાણના ખાતાના ઉતારાની સર્ટીફાઈડ નકલ	૫૬
૨૭	વસુલાત બાબતે મંડળીએ વિવિધ તારીખોએ કરેલ ઠરાવોની સર્ટીફાઈડ નકલો	૫૭
૨૮	ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ બેંક કો.ઓ.બેંકના સ્ટેટમેન્ટ	૫૮
૨૯	ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ બેંક કો.ઓ.બેંકના ચેક રીટર્ન રજીસ્ટરોના ઉતારાની નકલ	૫૯
૩૦	ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ બેંક કો.ઓ. દ્વારા ચેક બુક ઈસ્યુ રજીસ્ટરનો ઉતારો	૬૦

(૪) ફરીયાદપક્ષે ફરીયાદીએ **આંક–૫૧** થી પુરાવો બંધ કરી આ કામે આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૧૩ અન્વયે તેમનુ વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામા આવેલ.ત્યારબાદ આ કામે ફરીયાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. તેમજ **આંક–૬૩** થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તથા **આંક–૮૦** થી આરોપી તરફે વિ.વ.શ્રીની લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે.

(૫) આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

<u>–: મુદ્દાઓ :–</u>

(૬) આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા આરોપી વચ્ચેના કેસ બાબતે તમો આરોપીએ ફરીયાદીના ઘરે બાયડ મુકામે આવી તા.૧૨/૦૧/૨૦૨૨ ના રોજનો ચેક નં– ૦૩૦૦૦૮ નો રકમ રૂ. ૧૦,૭૦,૨૦૦/– (અંકે રૂપિયા દસ લાખ સીત્તેર હજાર બસ્સો પુરા) ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.,બાયડ શાખાનો ચેક તેમાં આરોપીએ ચેક ભરી ભરાવી ને આપેલ. જે ચેક ફરીયાદી એ તેમના ખાતાવાળી બેંકમાં ભરતા જે ચેક પરત ફરેલ જે ચેક ભરતા સદર ઉપરોકત જણાવેલ ચેક સ્વીકારાયા વિના ''ફંડ ઈનસફીશયન્ટ' શેરાથી પરત ફરેલ, તેથી તમો આરોપી ને રજી. એ.ડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપીનાઓએ સ્વીકારી નોટીસનો જવાબ નહી આપી તેમજ લેણા નીકળતા નાણાં નહી આપી, તમો આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુ મેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

:: કારણો ::

(૯) **મુદ્દા નં.૧ :–**

સદર કામે આરોપી ઉપર મુકવામાં આવેલ ગુનાના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક–૦૪ થી ફરીયાદી– ધી ડેમાઈ નાગરીક સહકારી શરાફી મંડળી લી. ના મેનેજર સોની મિતુલકુમાર પરશોત્તમદાસનાએ સોગંધનામાં ઉપર લેખીત સરતપાસ રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકતો મુજબની હકીકતો તેમની સરતપાસમાં જણાવતાં હોય, જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા સારુ સદર સરતપાસની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી.

આ કામના આરોપીઓને ફરીયાદીની ઉલટતપાસ કરતા સોગંદ પર જણાવેલ છે કે મે બી.કોમ સુધી અભ્યાસ કરેલ છે.મંડળીમાં મારી નિમણૂક ૨૦૦૭ માં મેનેજર તરીકે થયેલ હતી.એ વાત ખરી છે કે હુ ૨૦૦૭ થી મેનેરજ હોય,સહકારી મંડળીના નિયમો તથા પેટાનિયમો વીશે મને માહિતી હોય,હવે જણાવુ છુ કે લગભગ હોય,થોડી થોડી હોય.કમીટીમાં હોદ્દેદારોનીની નિમણૂકની પાત્રતા શુ હોય,તેના જવાબમાં જણાવુ છુ કે સભાસદ હોવા જોઈએ,તેઓ પાસે લાયકાત મુજબ દસ હજારના શેર તથા દસ હજારની ડીપોઝીટ હોવી જોઈએ.એ વાત ખરી છે કે અમારી મંડળીની કમીટીના સભ્યો કાયદેસર નિયમોને આધીન બનેલી કમીટી છે.હાલની કમીટી ઓગષ્ટ –૨૦૨૦માં નિમણૂક થયેલી છે.એ વાત ખરી છે કે અમારા ઉપરી અધિકારીએ અમોને ૨૦૨૦ માં અમારી કમીટી ગેરકાયેદસર હોય,તે મતલબની નોટીસ આપેલી હતી.એ વાત ખરી છે કે તે સમયમાં અમારી મંડળીમાં કસ્ટોડીયનની નિમણૂક કરવામાં આવેલ હતી.કસ્ટોડીયનની નિમણૂક સભ્યોના રાજીનામાં આવે ત્યારે કરવામાં આવતી હોય છે.કમીટીના સભ્યોએ કયાં કારણોસર રાજીનામા આપેલાતે હુ કહી શકુ નહી.અમારી મંડળીમાં હાલ ચેરમેન તરીકે કીર્તીભાઈ ગીરીશભાઈ પટેલનાઓ છે.તેઓ આશરે બે વર્ષથી ચેરમેન છે.એ વાત ખરી છે કે મંડળીના બાકીદારોને કમીટીના સભ્ય કે ડાયરેકટર બનાવી શકાય નહી.એ વાત ખરી છે કે અમારી મંડળીમાં કો–ઓપ્ટર સભ્ય પણ હોય છે.ધીરાણ આપતી વખતે અમો રજીસ્ટર્ડ મોર્ગેજ,પ્રોમીસરી નોટ,મિલકત ધિરાણ કરાર,જામીન ખત,દેવાની કબુલાત કરાવીએ છીએ.આ સિવાય પંચાયતમાં બોજો નોંધી અને આકારણી કરાવીએ છીએ.આ સિવાય બીજુ કઈ નહી.એ વાત ખરી છે કે ધીરાણ લેનાર વ્યકિતના ગેરેન્ટર તરીકે તેના સબંધી હોય તો ચલાવીએ છીએ.એ વાત ખરી છે કે અમારી મંડળીના બાકીદાર હોય તેવા

વ્યકિતને પણ ગેરેન્ટર તરીકે સ્વીકારીએ છીએ.એ વાત ખરી છે કે હાલના ચેરમેનના માતૃશ્રીના નામે હાલની તારીખે મંડળીનુ લેણુ બાકી છે.તેમના પિતાશ્રીનુ નથી.હાલના ચેરમેનશ્રીના માતૃશ્રીનુ વર્ષ–૨૦૧૭ ના મંડળીના લેણા બાકી છે.એ વાત ખરી છે કે ચેરમેનશ્રી માતૃશ્રી ૨૦૨૦માં અવસાન પામેલા છે અને તેઓ હયાત હતા તે દરમ્યાન અમોએ લેણુ વસુલ કરવા કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના ચેરમેનશ્રીના માતૃશ્રીના મંડળીના લેણા બાબતે અમારે તથા હાલના ચેરમેનને ૨૦૨૦માં માથાકુટ થયેલી હતી અને તે બાબતે બાયડ પો.સ્ટે.ખાતે ગુ.રજી.નં.૫૮૯/૨૦૨૦ થી ફરીયાદ પણ નોંધાયેલી હતી.મંડળીના પેટા નિયમો અનુસાર અમો ગમે તેટલી રકમ રોકડમાં સ્વીકારી શકીએ.અમો અમારી મંડળીના સભાસદોને જે ધીરાણની રકમ આપીએ છીએ તે એકાઉન્ટ પે થી આપીએ છીએ.જે સભાસદના લોન એકાઉન્ટમાં જમા થાય છે.એ વાત ખરી છે કે જો આ કામના આરોપીને અમોએ દસ લાખનુ ધીરાણ આપેલ હોય તો તે રકમની એન્ટ્રી આરોપીના સ્ટેટમેન્ટમાં બતાવે છે.અમોએ આરોપીને આપેલ ધિરાણ તેઓએ પાંચ વર્ષમાં ચુકતી આપવાનુ હતુ.એ વાત ખરી છે કે આ કામના આરોપીને અમારી મંડળીએ ધીરાણ આપ્યે એક જ વર્ષ થયેલ છે.એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં આરોપીને કુલ કેટલી રકમના કેટલા હપ્તા કરી આપેલા તે હકીકત જણાવેલ નથી.એ વાત ખરી છે કે આરોપીએ જો કોઈ હપ્તા ભરેલા હોય તો તેની પણ વિગત મારી ફરીયાદમાં જણાવેલ નથી.વધુમા, આ ફરીયાદીને ફરીયાદ વંચાવવામાં આવલ અને તે ફરીયાદ વાંચીને આ ફરીયાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં આરોપીને કેટલા ટકા વ્યાજના દરે લોન આપવામાં આવેલી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં એવી હકીકત પણ જણાવેલ નથી કે આરોપીની લોન કયા વર્ષમાં પુર્ણ થાય છે.એ વાત ખરી છે કે અમારી મંડળીમાં વર્ષ – ૨૦૧૭ થી બાકીદારો સામે કાર્યવાહી કરવા અંગેનો ઠરાવો થયેલા છે.તે ઠરાવોની નકલ હુ નામ.કોર્ટમાં રજુ કરવા તૈયાર છુ.એ વાત ખરી છે કે અમારી મંડળીમાં સભાસદોને આપેલ લોન બાબતે નોંધ કરતી ખાતાવહી નીભાવવામાં આવે છે.તે ખાતાવહીની વર્ષ–૨૦૧૭ ની આજદીન સુધીની હુ રજુ કરવા તૈયાર છુ.અમારી મંડળીના પેટાનિયમો,બાકીદારો સામે કરેલ ઠરાવો,ખાતાવહી હુ ૧૫ દિવસમાં રજુ કરી શકીશ.

એ વાત ખરી છે કે હું અમારી મંડળી ના ૨૦૧૭ થી ૨૦૧૯ ના ઠરાવો રજુ કરવા મુદત આપેલ હોવા છતાં આજરોજ રજુ કરી શકેલ નથી. એ વાત ખરી છે કે વર્ષ ૨૦૧૭ થી ૧૯ ના ઠરાવો લાવેલ ન હોય, તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. એ વાત ખરી છે કે અમોએ આજરોજ

અમોએ પુરાવા લીસ્ટ થી ૨૦૧૧ તથા ૨૦૧૪ નો ખાતા નો ઉતારો રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામના આરોપીએ વર્ષ ૨૦૧૧ કે ૨૦૧૪ માં ધીરાણ લીધેલ હોય અને તે ધીરાણ ભરપાઈ કરેલ હોય, તેવી કોઈ હકીકત અમારી ફરીયાદ માં જણાવેલ નથી. એ વાત ખરી છે કે વર્ષ–૨૦૧૧ તથા ૨૦૧૪ ની ખાતાવહી અમોએ જાતે રજુ કરેલ છે.એ વાત ખરી છે કે મંડળી માં ઠરાવ કર્યા બાદ જે તે કમીટી ના સભ્યો હોય તેની સહીઓ લેવી પડે. મને તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ નો ઠરાવ નં.૧ બતાવવામાં આવે છે, તેમાં જે તે કમીટી ના સભ્યો ની સહીઓ નથી તેના જવાબ માં જણાવુ છુ કે કસ્ટોડીયન ની સહી છે. મને તા.૩૦/૦૬/૨૦૨૧ ના રોજ નો ઠરાવ નં.૧૦ બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છુ કે તેમાં કોઈ કસ્ટોડીયન કે કમીટી સભ્યોની સહી નથી. એ વાત ખરી છે કે અમોએ આ ઠરાવો ની અસલ પર થી ઝેરોક્ષ કરેલ છે. કોઈપણ દસ્તાવેજની ઝેરોક્ષ કાઢીએ તો જેવી છાપ અસલ માં હોય, તે જ છાપ ઝેરોક્ષ માં આવે. એ વાત ખરી છે કે અમારી ઠરાવ બુક માં આ ઠરાવો માં છે, તેવી ખાલી જગ્યાઓ નથી. એ વાત ખરી છે કે અમોએ રજુ કરેલ ઠરાવોમાં ખાલી પેઈજ રાખી ઝેરોક્ષ કરી રજુ કરેલ છે. સાહેદ જણાવે છે કે બાકીદારો ના ઠરાવો જ રજુ કરેલા છે. અમોએ જે તે સમયે અમારી મંડળી માં કસ્ટોડીયન ની નીમણુંક હતી ત્યારે કસ્ટોડીયન ની સહીઓ હતી તેવુ જણાવેલ છે. એ વાત ખરી છે કે કસ્ટોડીયન ન હતા તે સમય માં કમીટી સભ્યો ની સહીઓ આવે. મને તા.૩૦/૬/૨૦૨૧ ના રોજ નો ઠરાવ નં.૧૦ બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છુ કે એ વાત ખરી છે કે તેમાં કસ્ટોડીયન કે કમીટી સભ્યો ની સહી નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ઠરાવ નં.૧૦ પુરો થાય પછી જ ઠરાવ નં.૧૧ કરી શકાય. એ વાત ખરી છે કે ઠરાવ ના અંત માં ''સર્વાનુમતે મંજુર'' એવુ જણાવેલ છે. જેથી બધા સભ્યો હાજર હોય તો જ લખેલ હોય. એ વાત ખરી છે કે જે તે સમયે આ ઠરાવો કમીટી ના સભ્યોને વાંચી સંભળાવવામાં આવતો હોય છે. એ વાત ખરી નથી કે દરેક ઠરાવ માં કમીટી સભ્યો ની સહીઓ લેવામાં આવે છે.

એ વાત ખરી છે કે ગુજરાત સેવા સહકારી મંડળીના નિયમો અમારી મંડળીને પણ લાગુ પડે છે.અમારી મંડળી સિવાયની બીજી મંડળીમાં ઠરાવ વખતે તમામે તમામ કમીટીના સભ્યોની સહીઓ લેવાતી હોય છે તેના જવાબમાં જણાવુ છુ કે અમારી મંડળીમાં પણ બધા ની સહીઓ છે.મને અમોએ ગઈ મુદતે રજુ કરેલ ઠરાવો બતાવવામાં આવે છે તેમા બધા સભ્યોની સહીઓ નથી તેના જવાબમાં જણાવુ છુ કે કસ્ટોડીયનની સહી નથી.એ વાત ખરી છે કે કસ્ટોડીયન ન હોય તે સમયમાં કમીટી સભ્યોની જ સહી થતી હોય છે. મને આજરોજ ઠરાવ નં.૧૦,તા.૩૦/૬/૨૦૨૧

બતાવવામાં આવે છે,તેમાં કોઈ કસ્ટોડીયન કે કોઈ કમીટીના સભ્યોની સહી છે,તેના જવાબમાં જણાવુ છુ કે કોઈને સહી નથી.એ વાત ખરી છે કે આ ઠરાવ અમોએ રજુ કરેલ છે,ત્યાં જ પુરો થાય છે.મને આજરોજ એક તા.૨૩/૩/૨૦૨૦ નારોજ અમારી મંડળીના એક પત્રની નકલ બતાવવામાં આવે છે તે જોઈ વાંચીને જણાવુ છુ કે તેમાં એવુ જણાવેલ છે કે તકરારી ચેક સીકયોરીટી પેટે એડવાન્સમાં લીધેલ હતો તેનુ લખાણ છે.જે અમોએ હાલના કામે રજુ કરેલ નથી.આ બાંહેધરી પત્ર ફરીયાદી મંડળીનો હોય,ફરીયાદીએ તેનુ લખાણ સ્વીકારેલ હોય,પરંતુ ઝેરોક્ષ રજુ થયેલ હોય રેકર્ડમાં દાખલ કરવુ આવશ્યક હોય,હાલના તબકકે નીશાની આપવામાં આવે છે.ઉપરોકત બાંહેધરી પત્ર અમારી મંડળીનો હોય અને અમોએ વાંચેલ હોય અમારી મંડળીમાં સીકયોરીટી પેટે કોરા ચેક લ ેવામાં આવતા હતા તેના જવાબમાં જણાવુ છુ કે '' ના''. એ વાત ખરી છે કે કોઈપણ ખાતેદારે અમારી મંડળીમાંથી ધિરાણ લીધેલ હોય અને ડીફોલ્ટર બનેલ હોય,તેઓને અમો ફરીથી ધીરાણ આપીએ નહી.આ કામના કહેવાતા આરોપી અમારી મંડળીમાં અંદાજે ૨૦૦૫-૦૬ ના સમયમાં સભાસદ બનેલા હતા.એ વાત હું કહી શકુ નહી કે કહેવાતા આરોપી અમારી મંડળી માં સભાસદ બન્યા તે દીવસ થી અમોએ ધીરાણ આપેલ છે. કહેવાતા આરોપીને ૨૦૧૧ થી ધરાણ આપવાનું શરૂ કરેલ હતુ. વર્ષ-૨૦૧૧ પછી ધીરાણ આપેલ હોય ત્યારબાદ તેઓ ડીફોલ્ટર બનેલા હતા. એ વાત ખરી છે કે ડીફોલ્ટર બન્યા હોવા છતાં અમોએ આરોપીને ૨૦૨૧ માં ધીરાણ આપેલ છે. એ વાત ખરી છે કે અમારી મંડળી માં જે નીયમો રજુ કરેલ છે, તેમાં પેટાનીયમ માં એવી કોઈ જોગવાઈ નથી કે કોઈપણ ખાતેદાર ડીફોલ્ટર બનેલ હોય તો પણ તેને ફરીથી ધીરાણ આપવુ. એ વાત ખરી છે કે કહેવાતા આરોપી ડીફોલ્ટર થયા બાદ પણ તેઓને અમારી મંડળીએ ધીરાણ આપેલ હોય તો તે સહકારી કાયદા ના નીયમો કે પેટાનીયમો વિરૂધ્ધ નું ગણાય. એ વાત ખરી નથી કે ડીફોલ્ટર ખાતેદાર હોય તેને જે તે મુડી તથા વ્યાજ ની રકમ કરી, બીજા વર્ષ માં ટર્નઓવર કરીએ છીએ. એ વાત ખરી છે કે કહેવાતા આરોપી અમારા સમયમાં જ ડીફોલ્ટર બનેલા હતા. એ વાત ખરી નથી કે અમારી મંડળી એ આરોપીની ડીફોલ્ટર ની રકમ અમોએ જતી કરેલી છે. ૨૦૦૮ થી હું મંડળી ના મેનેજર તરીકે છુ. તે દરમ્યાન તા.૨૯/૦૬/૨૦૨૧ થી તા.૩૧/૧૧/૨૦૨૧ સુધી હું ન હતો. આ છ મહીના મને ચેરમેનશ્રીએ નોટીસ આપેલ હોય, અમારા પદ પર ન હતા. આ નોટીસ ચેરમેનશ્રી ને અમારા પર શંકા હતી કે કસ્ટોડીયન સમય દરમ્યાન અમો મંડળી નું રેકર્ડ અમારા ઘરે લઈ ગયેલા હોય, આપેલી હતી. એ વાત ખરી છે કે મંડળીની કમીટી અમો હોદા પર હોય તો પણ અમારા વિરૂધ્ધ કોઈ કેસ કરી

શકે. એ વાત ખરી છે કે ફો.કે.નં.૧૨૭/૨૦૨૧ થી આપ નામ.કોર્ટ માં કીર્તીભાઈ ગીરીશભાઈ ના ઓએ કરેલો હતો. આ કેસ કઈ બાબતે નો હતો તે મને ખ્યાલ નથી. હું દવે મહેશભાઈ લલ્લુભાઈ ને ઓખળુ છુ. તેઓ મંડળી ના કર્મચારી છે તેઓ પ્યુન–કમ–કલાર્ક ના હોદા પર છે. **એ વાત ખરી છે કે કીર્તીભાઈએ ફો.કે.નં.૧૨૭/૨૧ થી મારા પર ચેક અંગેની ૧૩૮ ની ફરીયાદ કરેલ હતી. એ વાત ખરી છે કે ઉપરોકત કેસ સાત મહીના પેન્ડીંગ રહેલો અને તા.૧૧ /૦૯/૨૦૨૧ ના રોજ અમોએ સમાધાન કરી નીકાલ કરેલો હતો. આ કેસ માં લેણી રકમ કઈ બાબત ની હતી તેના જવાબ માં જણાવુ છુ કે અમોએ કીર્તીભાઈ પાસેથી રકમ લીધેલી હતી. એ વાત ખરી છે કે ફરીયાદીએ સદર કેસ માં ચેક માં જણાવેલ રકમ ખોટી ભરેલી હતી. વ્યાજ સાથે ની હતી.** એ વાત ખરી છે કે કીર્તીભાઈ ગીરીશભાઈ એ દવે મહેશભાઈ લલ્લુભાઈ પર પણ અમારી સાથે જ ચેક નો કેસ કરેલો હતો અને અમારી સાથે જ તેનો પણ નીકાલ કરેલો હતો. એ વાત ખરી છે કે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસ માં કહેવાતા આરોપીએ કઈ તારીખે અમોને મળીને મોર્ગેજ લોન ની વાત કરેલી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસ માં કહેવાતા આરોપીની લોન નો બોજો નોંધાવેલ તે કઈ તારીખે નોંધાવેલ તે હકીકત જણાવેલ નથી.એ વાત ખરી છે કે મંડળીના પેટાનીયમો અમોને ખબર ન હોય. **એ વાત ખરી છે કે કહેવાતા આરોપીની બાકી રકમ માં મુડી અને વ્યાજ કેટલુ છે, તેની ગણતરી મારી ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદ માં વ્યાજ તથા દંડનીય વ્યાજ એવુ જણાવેલ છે, તે બાબતે પણ કોઈ માહીતી મારી ફરીયાદ માં જણાવેલ નથી.એ વાત ખરી છે કે મારી ફરીયાદ માં ''મંડળીએ ન છુટકે છેલ્લી નોટીસ આપેલી'' એવુ જણાવેલ છે. એ વાત નથી કે મારી ફરીયાદ, સરતપાસ, નોટીસ માં અમોએ આરોપીને કુલ કેટલી નોટીસ આપેલી અને પ્ર થમ નોટીસ કયારે આપેલી, તેવુ જણાવેલ નથી. રેકર્ડ બતાવી ફરીથી પુછતા હવે કહુ છુ કે જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદ ના પારા નં.૩ માં આરોપીએ તેમના ખાતા નો એ.પે. પેક તા.૧૨/૦૧/૨૨ ના રોજ નો કહેવાતો ચેક આરોપીએ અમોને કઈ તારીખે આપેલો તેનો ખુલાસો ફરીયાદ, સરતપાસ કે નોટીસ માં કરેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો ચેક આરોપીએ અમોને કે અમારી મંડળીના કોઈ સભ્યને આપેલો તેનો ખુલાસો મારી ફરીયાદ, સરતપાસ કે નોટીસ માં કરેલ નથી.**

એ વાત ખરી છે કે ફરીયાદી મંડળી ની બેંક તથા કહેવાતા આરોપીના ખાતાવાળી બેંક એક જ છે. એ વાત ખરી છે કે આરોપીને કઈ તારીખે નોટીસ ને બજવણી થયેલ છે, તે મારી ફરીયાદ માં જણાવેલ નથી. ફરીયાદીને આંક–૧૧ બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છુ કે તેના હસ્તાક્ષરો તથા સહી અલગ અલગ છે. એ વાત ખરી નથી કે કહેવાતી ફરીયાદ અમોએ કહેવાતા આરોપી પાસે કોઈપણ પ્ર કાર નું લેણુ ન હોવા છતાં, ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટી ફરીયાદ નામ.કોર્ટ માં દાખેલ કરેલ છે. અને સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૦) સદર કામમાં કેસના ગુણદોષો નકકી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય જોગવાઈ લક્ષમાં રાખીએ તો **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ :–** ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે,(બ) તારીખ વિશે, (ક)સ્વીકારના સમય અંગે, (ડ) તબદીલીના સમય અંગે,(ઈ) શેરાઓના ક્રમ વિશે, (ફ) સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે, અનુમાન કરવાનું છે.**પુરાવના બોજા વિશે** એ પ્રસ્થાપીત હકીકત છે કે , ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામા આવશે કે ,ચેકના ધારકે કલમ – ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો '' આમ,કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્ર મથદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે , તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર

ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮ ,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં , ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે , અને જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૧) **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ. ૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ. ૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ. ૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ. ૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો

જોઈએ. ૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ– ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે **આંક–૧૨** નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ **આંક–૧૨** નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ધ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુધ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૨) સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ **આંક– ૦૪** થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ધ્વારા **આંક–૧૨** વાળો તકરારી ચેક ફરીયાદીએ મંડળીના ખાતામાં નાંખેલ હોવાની અને **આંક–૧૪** વાળા રીટર્ન મેમોથી પરત થયેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ નિયમઅનુસાર સમય મર્યાદાની અંદર **આંક–૧૬** થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલી ત્યારબાદ આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ધ્વારા અત્રેની કોર્ટમાં નિયમઅનુસાર દાખલ કરવામાં આવેલી. આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે.

(૧૩) આમ, સદરહું આરોપી પક્ષના શીરે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવુ જરૂરી છે. સદરહું ખંડન માટે આરોપીએ વિટનેસ બોકસમાં આવવુ જરૂરી નથી. પરંતુ જો આરોપી પક્ષ ખંડન કરવા માટે ફરીયાદ પક્ષના કેસ પર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો પ્રસ્તુત કરે તો પણ ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે અને આમ, જો આરોપી પક્ષ સદરહું ફરીયાદીના ઉપરોકત પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે અને જો તેમાં સફળ જાય તો આરોપીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે. ઉપરોકત હકીકતો ધ્યાનમાં રાખી સદરહું કેસની હકીકતો લક્ષમાં રાખીએ તો એ હકીકત નિર્વીવાદ છે કે, સદર કામમાં ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ પુરાવો બચાવ પક્ષ આરોપી ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ નથી. તેઓએ માત્ર ને માત્ર ફરીયાદીની ઉલટ તપાસ પર આધાર રાખેલ છે. વધુમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, જો આરોપી પક્ષ ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં સફળ જાય તો ફરીયાદી પક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો આવશ્યક છે. હાલના કામમાં આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ પુરાવા પર આધાર રાખેલ નથી. આ તબકકે અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે નામદાર ઉચ્ચ અદાલતના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં રાખવા જરૂરી જણાય છે જે મુજબ **Cri.Law Journal 2008 Page No. 1172** wherein it is held that Accused not required to step into witness box. He may discharge his burden on the basis of materials already brought on

record. Question whether statutory presumption rebutted or not. Must be determined in view of other evidence on record. **DCR 2008(1) Page No. 151** wherein it is held that it is not necessary that accused must step into the witness box to discharge the burden of proof in terms of the provisions under section 138. આ કામમાં ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ પુરાવા પર આરોપી પક્ષે આધાર રાખેલ નથી. આરોપી પક્ષનો મુખ્ય બચાવ એવો છે કે, આ કામે ફરીયાદી દવારા ખોટી રીતે ચેક રજુ કરેલ છે અને આરોપીના સીકયોરીટી પેટેના એડવાન્સ ચેકનો દુરૂપયોગ કરેલ છે આરોપીએ ઉઘરાણી પેટે આવો કોઈ ચેક આપેલ નથી. આ કામે ફરીયાદીએ આરોપી સાથેના લોન અંગેના અસલ દસ્તાવેજો રજુ કરેલ નથી કે લોનના હીસાબો કે હીસાબી ચોપડા રજુ કરેલ નથી. આ કામે આરોપીએ લીધેલ ધીરાણની મુદત ૫ વર્ષ ની હતી અને આ કામે ફરીયાદી દવારા લોનના હીસાબો રજુ કરેલ નથી કે વ્યાજ અંગેની કોઈ ગણતરી રજુ કરેલ નથી જેથી આરોપી સામેનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ પુરવાર થતુ નથી.

સદર ફરીયાદીની આરોપી પક્ષે જે ઉલટ તપાસ કરેલ છે તેની મુખ્ય હકીકતો લક્ષમાં રાખીએ તો તેઓએ એવી હકીકત સ્વીકારેલ છે કે, <u>આરોપીને આપેલ ધીરાણ આરોપીએ ૫ વર્ષ મા ચુકવી આપવાનુ હતુ અને આરોપીને ધીરાણ આપેલ તેને એક જ વર્ષ થયેલ છે.</u> આમ, સદર હકીકત ધ્યાને લેતા આ કામે ફરીયાદી દવારા ૫ વર્ષની મુદત વિત્યા પહેલા જ આ આરોપીને આપવામા આવેલ કહેવાતા તમામ ધીરાણની રકમની ઉઘરાણી કરેલ છે અને તે ઉઘરાણી પેટે હાલનો આ તકરારી ચેક આપેલ હોવાનો કેસ રજુ કરેલ છે. સામાપક્ષે આરોપીએ આ ફરીયાદીએ મુદત અગાઉ જ આરોપીએ ચુકવેલ રકમ દર્શાવ્યા વિના કે આરોપીના ધીરાણ ખાતાનો હીસાબ કે વ્યાજની ગણતરી કર્યા વગર હાલની આ ખોટી ફરીયાદ કરેલ હોવાની દલીલ કરેલ છે. આ કામે ફરીયાદી તર્ફે આરોપીના ધીરાણ ખાતા અંગેના કોઈ અસલ દસ્તાવેજો રજુ કરેલ નથી. આ કામે આરોપીએ રૂા. ૧૦,૦૦,૦૦૦/- નુ ધીરાણ મેળવેલ છે જયારે આ ફરીયાદી મંડળી દવારા આરોપી સામે રૂા. ૧૦,૭૦,૨૦૦/- ની લેણી રકમ માટેનો કેસ રજુ કરેલ છે. આ કામે ફરીયાદી તર્ફે રજુ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ ફરીયાદીએ આરોપીને આપેલ ધીરાણ અંગેના દસ્તાવેજોની ફકત નકલો રજુ કરેલ છે અને આ આરોપીના ધીરાણના વ્યવહારને લગતા એકપણ અસલ દસ્તાવેજો રજુ કરેલ નથી. વધુમા, આ કામે આંક-૦૯ થી રજુ નોટીસની નકલ ધ્યાને લેતા આ ફરીયાદી મંડળી દવારા આ આરોપીએ

લીધેલ ધીરાણના હપ્તાની ભરપાઈ ન કરતા આરોપીને તા. ૧૫/૧૨/૨૦૨૧ ના રોજ નોટીસ આપેલ છે જે મુજબ આરોપીએ વ્યાજ સહીત રૂા. ૧,૬૮,૦૦૦/– ની રકમ ભરપાઈ કરવા માટે નોટીસ આપેલ હતી અને તે રકમ ભરપાઈ કરવા દિન–૧૦ ની મુદત આપેલ હતી. **સદર દસ્તાવેજમા પણ આ ફરીયાદી મંડળી દવારા વ્યાજની રકમની ગણતરી કઈ રીતે કરેલ છે તેવી કોઈ વિગત જણાય આવતી નથી.** વધુમા, આ કામે ફરીયાદીની ઉલટ તપાસની હકીકતો મુજબ આ ફરીયાદી મંડળીના સાહેદ દવારા આરોપીને કેટલા હપ્તા કરી આપેલા અને આરોપીએ કેટલા હપ્તા ભરેલા તેની વિગત તેમજ, આરોપીની બાકી રકમમા મુડી અને વ્યાજ કેટલુ છે તેની ગણતરી પણ ફરીયાદમા ફરીયાદમા જણાવેલ ન હોવાનુ સ્વિકારેલ છે તેમજ, આ ફરીયાદીએ કહેવાતો ચેક આરોપીએ તેમને કે મંડળીના કયા સભ્યને આપેલ તેનો ખુલાસો કરેલ ન હોવાનુ પણ સ્વિકારેલ છે. તયારે આ કામે આરોપી દવારા આ ફરીયાદી મંડળી દવારા ધીરાણ વખતે લીધેલ સીકયોરીટી પેટેના ચેકનો દુરૂપયોગ કરેલ હોવાનો બચાવ લીધેલ છે તે હકીકતને સમર્થન મળે છે. વધુમા, **આ કામે આરોપીએ લીધેલ ધીરાણ અંગેના કોઈ અસલ દસ્તાવેજો ફરીયાદી તર્ફે રજુ કરવામા આવેલ નથી** જેથી **આ કામે ફરીયાદી મંડળી એ આ આરોપીને ધીરાણ આપેલ તે ધીરાણની શરતો શુ હતી ? આ ધીરાણની સમય મર્યાદા કેટલી હતી ? તેમજ, આ ધીરાણમા વ્યાજનો દર અને તેની વસુલાતની પ્રક્રીયા શુ હતી ? તે તમામ હકીકતો સામે વાજબી શંકા ઉભી થાય છે.** વધુમા, આ કામે ફરીયાદી ની ઉલટ તપાસ દરમયાન આ ફરીયાદીએ અગાઉ તેમની જ સામે આ મંડળી વતી કીર્તીભાઈ દવારા કરવામા આવેલ ફો.કે. નં. ૧૨૭/૨૦૨૧ ના કામે ચેકમા ખોટી રકમ ભરી કેસ કરેલ હોવાનુ સ્વિકારેલ છે ત્યારે હાલના કેસમા પણ આરોપીની કાયદેસર રીતે બાકી નીકળતી રકમ કરતા વધુ રકમ ભરી હાલનો આ કેસ કરેલ હોવાની શકયતા નકારી શકાય નહી અને જેથી આ આ આરોપી દવારા બચાવ લેવામા આવેલ છે કે, આ કામે આરોપીના સીકયોરીટી પેટેના ચેકનો દુરૂપયોગ કરવામા આવેલ છે તે બચાવને સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે ફરીયાદી કાયદાથી સ્થાપાયેલ મંડળી છે, તો સહજ છે કે, ફરીયાદી મંડળીના હીસાબો તથા દસ્તાવેજો અને નાણા ધીરધાર માટે કરવામા આવતા કરારો તથા અનિવાર્ય હિસાબી ચોપડાઓની સારી રીતે નીભાવણી કરવામા આવતી હોય તેમ છતા આ કામે સદર ધીરાણ અંગેના અસલ દસ્તાવેજો રજુ કરવામા આવેલ નથી. આ કામે ફરીયાદી મંડળી દવારા આ આરોપીને આપેલ અગાઉના ધીરાણ

અંગેના ખાતાના ઉતારા રજુ કરવામા આવેલ છે. તેમજ, હાલના આ તકરારી ધીરાણ ખાતાના ઉતારાની નકલ આંક–૨૬ થી રજુ કરવામા આવેલ છે, સદર આંક–૨૬ નો દસ્તાવેજ ધ્યાને લેતા આ કામે ફરીયાદી મંડળી દવારા વ્યાજની ગણતરી કેવી રીતે કરવામા આવેલ છે ? તેમજ, આ આરોપીએ ધીરાણ અંગે કોઈ રકમ કે હપ્તા ભરપાઈ કરેલ છે કે કેમ ? તેવી કોઈ વિગતો દર્શાવવામા આવેલ નથી તેમજ, આ હકીકતો અંગે ફરીયાદી મંડળી દવારા પાછળથી પણ કોઈ ખુલાસો કરવામા આવેલ ન હોય ફરીયાદીનુ ખરેખર આવુ કોઈ કાયદેસરનુ લેણુ ચેકની તારીખે અસ્તિતવમા હતુ કે કેમ ? તે હકીકત સામે વાજબી શંકા ઉભી થાય છે. વધુમા, આ કામે ફરીયાદી તર્ફે રજુ કરવામા આવેલ મંડળીના ઠરાવો પણ શંકા ઉપજાવનારા છે જેથી આ કામે ફરીયાદીએ તેમનો જે કેસ પ્રસ્તુત કરેલ છે અને આ ફરીયાદી એ બચાવપક્ષ દવારા કરવામા આવેલ ઉલટતપાસમાં જે હકીકતો જાહેર કરેલ છે તેમાં વિસંગતતા ઉત્પન્ન થાય તેવો પુરાવો રેકર્ડ પર લાવવામા આરોપી સફળ નીવડેલા છે. આરોપી પક્ષે જે મુખ્ય બચાવ લીધેલ છે કે, તકરારી ચેક અન્વયેની રકમ કાયદેસરની લેણી છે તેવુ ફરીયાદી પુરવાર કરી શકેલ ન હોય ત્યારે D.C.R. 2009 (1) page 327: From the cross-examination, it is clear that the complainant is not honest and completely unreliable and his credibility has been completely destroyed complainant has not been able frame his case. સદર કામમાં ફરીયાદી પક્ષે આરોપી સાથેના ધીરાણ અંગે બાકી નીકળતી રકમ અંગે તકરારી ચેકનો વ્યવહાર થયેલો તેવુ જણાવેલ છે પરંતુ નાણા ધીરાણ કર્યાનો અસલ કરાર તથા ધીરાણ ખાતાનો અસલ ઉતારો ફરીયાદીએ ઈરાદા પુર્વક પ્રસ્તુત કરેલ નથી કે, આ કામે આરોપી પાસે આ ધીરાણના વ્યવહાર પેટે રૂા. ૧૦,૭૦,૨૦૦/– બાકી નીકળતા હતા તેવા કોઈ હીસાબી ચોપડા કે આરોપીના ધીરાણ ખાતા ના કોઈ હીસાબો રજુ કરેલ નથી ત્યારે ઉપરોકત ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ બને છે. વધુમા, 2000 (1) S.C. at page 195 para-22 The burden of proof cast on the accused under section 35, can be discharged through different modes. One is that, he can rely on the materials available in the prosecution evidence. Next is, in addition to that he can elicit answers from prosecution witnesses through cross-examination to dispel any such doubt. He may also adduce other evidence when he is called upon to enter on his defence. In other words, if circumstance appearing in prosecution case or in the prosecution evidence

are such as to give reasonable assurance to the court that appellant could not have had the knowledge or the required intention, the burden case on him under section 35 of the act would stand discharged even if he has not adduced any other evidence of his own when he is called upon to enter on his defence. આ કામમાં અત્રેની કોર્ટનું એવુ નમ્ર પણે માનવુ છે કે, જયારે ફરીયાદી પક્ષને તેઓનો કેસ તથા દસ્તાવેજી પુરાવા અનુસંધાને શંકા ઉત્પન્ન કરતો પુરાવો પ્રસ્તુત થયેલો હોય ત્યારે ફરીયાદીની નૈતિક જવાબદારી હતી કે તેઓ યોગ્ય અને સંતોષકારક દસ્તાવેજી પુરાવા પ્રસ્તુત કરે જેથી ઉપરોકત ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ બને છે. વધુમા, આ કામે આરોપીપક્ષ ફરીયાદ પક્ષના કેસ સામે શંકા ઉભી કરવામા સફળ રહેલ છે. ત્યારે ફરીયાદીપક્ષના શીરે સદરહું ફરીયાદ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી વધી જાય છે.વધુમાં આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના **SCC 2007(Cri.) Page No. 498** wherein it is held that the law that Standard proof in discharge of the burden in terms of Section 139 of the Act being of preponderance of probability, the inference therefore can be drawn not only from the materials brought on record but also from the reference to the circumstances upon which the accused relies upon. Categorically stating that the burden of proof on the accused side is not as high as that of the prosecution. A.**C.R 2012(1) Page No. 50** wherein it is held that Preponderance of Probabilities- If the accused side is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt, the prosecution can fail. આમ,ઉપરોકત ચર્ચાથી એટલી હકીકત ફલિત થાય છે કે, હાલના ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ કથનનું ખંડન આરોપી પક્ષે સફળતા પુર્વક પુરવાર કરેલ છે.આમ સદરહું ઉપરોકત કરેલ ચર્ચાના અંતે હાલના કામમાં ફરીયાદ પક્ષ તેઓનું કાયદેસરનું લેણું આરોપી પાસે માંગતા હોવાની હકીકત શંકા રહિત પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય ત્યારે સદર કામમાં આરોપીએ જયારે ફરીયાદીના કેસ પર શંકાના વાદળો પુરવાર કરવામાં સફળતા મેળવેલ હોય ત્યારે તે શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચિત જણાય છે. વધુમા, આજરોજ આરોપી હાજર નથી કે તેના તર્ફે મુકિત અરજ રજુ કરવામા આવેલ નથી. પરંતુ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીએ જયારે ફરીયાદીના કેસ પર શંકાના વાદળો પુરવાર કરવામાં સફળતા મેળવેલ હોય ત્યારે સી.આર.પી.સી.ની

કલમ–૩૫૩(૬)ની જોગવાઈ વંચાણે લઈએ તો આ કામે આરોપી નાઓની સામે જયારે સજાનો કે તેનાથી વિરૂધ્ધનો હુકમ કરવામાં ન આવે તો આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકાય છે ત્યારે સમગ્ર ચર્ચાને અંતે મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં જાહેર કરૂ છુ.

–:: હુકમ ::–

(૧) આ કામના આરોપી પટેલ ચીમનભાઇ કાળાભાઇ, રહે. માઢવાળી ફળી, મુ.પો.ડેમાઇ,તા.બાયડ,જી.અરવલ્લી નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫ (૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના આક્ષેપિત આંક–૧ ની ફરીયાદવાળા ગુન્હામાંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ: ૪૩૭ (એ) અન્વયે રૂા– ૧૫,૦૦૦/– ની રકમના જામીન તથા જાત મુચરકા છ માસના સમય માટે રજુ કરવા હુકમ કરવામા આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૨૭ મી માહે મે સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

બાયડ તા.૨૭ –૦૫–૨૦૨૬	(વિજય ચંદુલાલ મકવાણા) એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ બાયડ કોડ નં. જી.જે. ૦૦૯૯૭